વાદ-વિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે
દર મહિનાની ૧૦ અને ૨૫મી તારીખે પ્રગટ થતું પાક્ષિક
Webportal : www.aazadkalam.com

R.N.I. NO. .: GUJGUJ/2022/83095
UDAYM-GJ-01-0271461

# આઝાદ કલમ
(પાક્ષિક)

EDITOR : KRIPASHANKAR H. VERMA (M. 98259 30418)
EDITOR IN CHIEF : HAMIRBHAI N. PARMAR (M. 81601 42707)

AAZAD KALAM (Fortnightly)

VOL.NO. : 3 ★ Issue No. : 14 ★ DATE : 10-1-2025, Friday ★ PAGE : 4 ★ PRICE : 2/- ★ Annual Subcription : 50/-

Place of Publication : 262, Shri Ganeshnagar, Visat Cross Road, Sabarmati, Ahmedabad-380005 ★ E-mail : aazadkalam6522@gmail.com

HMPV એલર્ટ :

## અમદાવાદની સ્કૂલોમાં માસ્ક ફરજિયાત, સિવિલ હોસ્પિટલમાં તૈયાર કરાયો ખાસ આઈસોલેશન વોર્ડ

અમદાવાદ ,

ચીન બાદ ભારતમાં પણ HMPV (હ્યુમન મેટાન્યૂમો વાઈરસ) ફેલાઈ રહ્યો છે, ગુજરાતમાંથી પણ એકકેસ સામે આવતાં લોકો ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. ત્યારે સિવિલ હોસિટલમાં ખાસ આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. તો બીજી તરફ અમદાવાદની કેટલીક શાળાઓમાં સેફ્ટીના ભાગરૂપે ગાઈડલાઈન તૈયાર કરી માસ્ક ફરજિયાત માસ્ક પહેરવાની અપીલ કરવામાં આવી છે. જો વિદ્યાર્થીઓમાં શરદી-ખાંસીના લક્ષણો દેખાય તો વાલીઓને શાળાએ ન મોકલવા વિનંતી કરી છે. ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર ગાઈડનલાઈન જાહેર કરવામાં આવી નથી.

કોરોના બાદ વધુ એક વાયરસે ચીનમાંથી ભારતમાં એન્ટ્રી કરી છે. બેંગલુરુ, નાગપુર અને તમિલનાડુ અને ગુજરાતમાંથી કેસ સામે આવ્યા છે. ત્યારે રાજ્યના આરોગ્ય મંત્રાલય દ્વારા પણ કહેવામાં આવ્યું છે કે આ વાઈરસથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરી છે. ત્યારે અમદાવાદની કેટલીક શાળાઓમાં સાવચેતીના ભાગરૂપે જાતે જ ગાઈડલાઈન તૈયાર કરવામાં આવી છે તેમજ વિદ્યાર્થીઓને ફરજિયાત માસ્કની અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત વાલીઓને સૂચના આપવામાં આવી છે કે જો તમારા બાળકને શરદી-ખાંસીના લક્ષણો જણાય શાળાએ મોકલવા નહી. જેથી અન્ય બાળકોને ચેપ લાગે નહી. એટલું જ નહી સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને શરદી-ખાંસીના લક્ષણો જોવા મળે તો તેમને ઘરે મોકલી દેવામાં આવે છે.

સિવિલ હોસ્પિટલમાં ૧૫ બેડનો આઈસોલેશન વોર્ડ તૈયાર




અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંભવિત એચ.એમ.પી.વી.વાઈરસની ગંભીરતાને ધ્યાનમાં રાખી સિવિલ સત્તાવાળાઓ દ્વારા ૧૫ બેડનો આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા દવા, સ્ટાફ, ટેસ્ટિંગ કિટ વગેરેની વ્યવસ્થા કરવમાં આવી છે. આ ઉપરાંત તમામ જરૂરી દવાઓ પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત ઓક્સિજન માટેની પણ પૂરતી વ્યવસ્થા રાખવામાં આવી છે.

**શ્વસનને લગતાં ચેપી રોગોના રક્ષણ સામે શું કરવું જોઈએ?**

● જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિશ્યુથી ઢાંકવું જોઈએ. ● નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવા અથવા સેનેટાઈઝરનો ઉપયોગ કરવો. ● ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફ્લૂથી પીડિત વ્યકિતઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું. ● તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું. ● વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક લેવો. ● પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી. ● બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશનવાળા વાતાવરણમાં રહેવું. ● શ્વસનને લગતાં લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

**શું ના કરવું જોઈએ?**

● જરૂરી ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહીં. ● સંક્રમિત વ્યક્તિએ પોતાની ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો અન્ય વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું. ● જાતે દવા લેવાનું ટાળવું, લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ HMPV કોઈ નવો વાઈરસ નથી. અગાઉ તેની ઓળખ વર્ષ ૨૦૦૧માં થઈ હતી અને તે વર્ષોથી વિશ્વભરમાં ફેલાઈ રહ્યો છે. બીજી તરફ નિષ્ણાતોનું કહેવું છે કે, એચએમપીવી સંક્રમિત દર્દીઓને ભાગ્યે જ હૉસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડે છે, તેથી આ વાઈરસથી ગભરાવાની જરૂર નથી.

ભારતમાં ૨૦૦૩માં પહેલીવાર વાઈરસની પુષ્ટી થઈ હતી. ભારતમાં ૨૦૦૩માં પ્રથમ વખત એચએમપીવી વાઈરસની પુષ્ટિ થઈ હતી. બી. જે. મેડિકલ કૉલેજ અને ફ્રૈંક પૂણેએ પૂણેમાં જ પહેલું બાળક સંક્રમિત થયું હોવાની પુષ્ટિ કરી હતી. પછીના ઘણાં અભ્યાસોમાં પણ આ વાઈરસના કેસો નોંધાયા હતા. ૨૦૨૪માં ગોરખપુરમાં શ્વસન રોગથી પીડિત ૧૦૦ બાળકોમાંથી ૪ ટકામાં HMPVના લક્ષણો જોવા મળ્યા હતા.

૨૦૦૧માં પ્રથમ કેસ નોંધાયો હતો

આ વાઈરસનો પ્રથમ કેસ વર્ષ ૨૦૦૧માં પહેલીવાર સામે આવ્યો હતો. પરંતુ હવે આ વાઈરસને લઈને હાલત ગંભીર છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, આ વાઈરસને લઈને કોઈ ખાસ રસી કે એન્ટીવાઈરસ હજુ સુધી શોધાઈ નથી. ગંભીર કિસ્સાઓમાં ઑક્સિજન થેરેપી, નસમાં પ્રવાહી અને કોર્ટીકોસ્ટેરોઈડ્સ જેવી સારવાર આપવામાં આવે છે.



### હોસ્પિટલના બિલની નહીં રહે ચિંતા

# દરેક વ્યક્તિ પાસે હશે લાઈફ અને હેલ્થ પોલિસી

### ઈન્શ્યોરન્સ ઈન્ડસ્ટ્રીના એક્સપર્ટનું કહેવું છે કે આ ટાર્ગેટ હાંસીલ કરવા માટે મોટા રિફોર્મ્સ કરવા પડશે

નવી દિલ્હી,

દરેક વ્યક્તિ પાસે લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી અને હેલ્થ પોલિસી હશે. સરકારે તે માટે મજબૂત પ્લાન બનાવ્યો છે. જાહેરાત યુનિયન બજેટ ૨૦૨૫માં થઈ શકે છે. હકીકતમાં સરકારે ૨૦૪૭ સુધી યુનિવર્સલ ઈન્શ્યોરન્સ કવરેજનો ટાર્ગેટ નક્કી કર્યો છે. તેનો મતલબ છે કે સરકારનો પ્રયાસ દરેક વ્યક્તિને હેલ્થ પોલિસી અને લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી ઉપલબ્ધ કરાવવાનો છે. સરકારે તે માટે ૨૦૪૭ સુધીનો ટાર્ગેટ નક્કી કર્યો છે. ઈન્શ્યોરન્સ ઈન્ડસ્ટ્રીના એક્સપર્ટનું કહેવું છે કે આ ટાર્ગેટ ગાસિલ કરવા માટે મોટા રિફોર્મ્સ કરવા પડશે.

પીબી ફિનટેકના પ્રમુખ રાજીવ ગુપ્તાએ કહ્યું કે ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના યુનિયન બજેટમાં નાણામંત્રી મોટા રિફોર્મ્સની જાહેરાત કરી શકે છે. તેમણે કહ્યું- આ યુનિયન બજેટ ફાઈનાન્શિયલી સિક્યોર્ડ અને ઈન્શ્યોર્ડ ઈન્ડિયા બનાવવાની દ્રષ્ટિએ ખુબ મહત્વનું હોઈ શકે છે. તેમણે કહ્યું કે ઈનકમ ટેક્સ એક્ટના સેક્શન ૮૦સીની લિમિટ ૧.૫ લાખ રૂપિયા છે. આ લિમિટ આશરે ૧૦ વર્ષથી વધી નથી. બદલાતા સમય પ્રમાણે આ લિમિટ ખુબ ઓછી પડી રહી છે. તેને તત્કાલ વધારવાની જરૂર છે.

ટેક્સ એક્સપર્ટનું કહેવું છે કે સેક્શન ૮૦સી ન માત્ર ટેક્સપેયર્સના ટેક્સનો ભાર હળવો કરવામાં મદદરૂપ છે પરંતુ તે લોકોને લાંગાબાળાના સેવિંગ્સ અને ઈન્વેસ્ટમેન્ટ માટે પણ પ્રોત્સાહિત કરે છે. સેક્શન ૮૦સી હેઠળ ઘણા એવા ઈન્વેસ્ટમેન્ટ અને સેવિંગ્સ વિકલ્પ આવે છે, જેમાં નિયમિત રૂપથી રોકાણ કરી લાંબાગાળે મોટું ફંડ તૈયાર કરી શકાય છે. **PPF** અને **ELSS** તેના ઉદાહરણ છે. બંને ઈન્વેસ્ટમેન્ટના બેસ્ટ ઓપ્શનમાં સામેલ છે.

ગુપ્તાએ જણાવ્યું કે સરકાર ટર્મ ઈન્શ્યોરન્સ માટે એક અલગ ટેક્સ એક્ઝેમ્પ્શન કેટેગરીની જાહેરાત કરી શકે છે. તેનાથી લોકો લાઈફ ઈન્શ્યોરન્સ ખરીદવા તરફ આકર્ષિત થશે. તેનાથી પરિવારની આર્થિક સુરક્ષાની ખાતરી કરવામાં મદદ મળશે. પરંતુ સરકારને રેવેન્યુમાં થોડું નુકસાન થશે. પરંતુ તેનાથી પરિવારોની આર્થિક સુરક્ષા વધશે. તેનાથી વેલફેર સ્કીમ પર નિર્ભરતા ઘટશે. જેથી સરકારને લાંબાગાળે પોતાની રાજકીય ખાધ ઘટાડવામાં મદદ મળશે.

તેમણે હેલ્થ ઈન્શ્યોરન્સના પ્રીમિયમ પર ડિડક્શનની લિમિટ વધારવાની સલાહ સરકારને આપી છે. અત્યારે ઈનકમ ટેક્સ એક્ટના સેક્શન ૮૦ડી હેઠળ ૬૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોને પ્રીમિયમમાં ૨૫૦૦૦ રૂપિયા સુધીનું ડિડક્શન મળે છે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ૫૦,૦૦૦ રૂપિયાનું ડિડક્શન મળે છે. ગુપ્તાનું કહેવું છે કે સરકારે આ લિમિટ વધારવી જોઈએ. ૬૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે ડિડક્શનની લિમિટ ૫૦,૦૦૦ રૂપિયા હોવી જોઈએ. ૬૦ વર્ષથી મોટી ઉંમરના લોકો માટે ડિડક્શનની લિમિટ ૧ લાખ રૂપિયા હોવી જોઈએ.

# સર્જિકલ સ્ટ્રાઈક અંગે પાકિસ્તાનની પોલ ખુલી, સ્થાનિક પત્રકારે દુનિયા સમક્ષ સત્ય સ્વીકાર્યું!

ઈસ્લામાબાદ,

પુલવામા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાનમાં ઘૂસી સર્જિકલ સ્ટ્રાઈક કરી હોવાની વાતનો સતત અસ્વીકાર કરતાં પાકિસ્તાનનું જૂઠાણું વિશ્વ સમક્ષ રજૂ થયું છે. પાકિસ્તાનના જ એક સ્થાનિક વરિષ્ઠ પત્રકારે સ્વીકાર્યું છે કે, ભારતે પાકિસ્તાનમાં ઘૂસી સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી.

પાકિસ્તાનના પત્રકાર નઝીમ સેઠીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ભારતે પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. તેમજ હાલમાં પાકિસ્તને જે રીતે અફઘાનિસ્તાનમાં ઘૂસી હુમલો કરી રહ્યું છે. તે બાબત ભારત પાસેથી શીખી હતી.

પત્રકાર નઝીમ સેઠીએ એક ઈન્ટરવ્યુમાં આ અંગે જણાવ્યું હતું. જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. જેના પર યુઝર્સ પાકિસ્તાનની આકરી ટીકા કરી રહ્યું છે. આ વીડિયો ક્લિપ 'પાક અનટોલ્ડ' નામના એકાઉન્ટમાંથી શેર કરવામાં આવી હતી. નઝીમે વીડિયોમાં કહ્યું હતું કે, 'ભારત તરફથી કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈકમાંથી શીખ મેળવી પાકિસ્તાન સેના અફઘાની સેનાને બોધપાઠ ભણાવવા હવાઈ હુમલા કરી રહી છે. આ રીતે અમે અમુક મહત્ત્વપૂર્ણ નેતાઓને ઠાર માર્યા છે.'

ભારતે અફઘાનિસ્તાન પર પાકિસ્તાનની એરસ્ટ્રાઈકની નિંદા કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, અફઘાન નાગરિકો પર પાકિસ્તાનની એરસ્ટ્રાઈક નિંદાને પાત્ર છે. પોતાની નિષ્ફળતાઓ માટે પાડોશી પર દોષનો ટોપલો ઢોળવો તે પાકિસ્તાનની અત્યંત જૂની આદત છે. હવાઈ હુમલામાં પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં લમાન સહિત અનેક ગામને નિશાન બનાવ્યા હતા. આ હુમલામાં ૧૫થી વધુ લોકોના મોત થયા હતા. પાકિસ્તાનના હુમલા બાદ તાલિબાને વળતો પ્રહાર કરવાની ધમકી આપી હતી.

# સ્વદેશી કે વિદેશી કંપનીઓ દેશની બહાર ગ્રાહકોનો ડેટા મોકલી શકશે નહિ

નવી દિલ્હી,

ડ્રાફ્ટ મુજબ સરકાર કોઈપણ દેશને અગાઉથી બ્લેકલિસ્ટ કર્યા વિના, સૂચનાઓ અથવા આદેશો વગર જ ડેટા ટ્રાન્સફર પર શરતો લાદી શકશે

ડેટા વિશ્વનું નવું ઈંધણ છે. આ ડેટા એટલે મોબાઈલ ડેટા નહિ પરંતુ ઈન્ટરનેટ ડેટાની સાથે ગ્રાહકોની જરૂરી માહિતી અને રસ સહિતના ડેટાની દૂરંદેશી દેશના એક મહાન ઉદ્યોગપતિએ કરી હતી. સરકાર પણ હવે સમજી રહી છે કે ગ્રાહકોનો ડેટા કેટલો કિંમતી છે અને તેના દુરૂપયોગના કેટલા ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે તેથી જ સરકારે ડેટા ટ્રાન્સફરના નિયમો કડક કરવાની તૈયારી આદરી છે.

ટૂંક સમયમાં સ્વદેશી કે વિદેશી કંપનીઓ હવે દેશની બહાર ડેટા મોકલી શકશે નહીં. આ અંગે સરકાર ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટના ડ્રાફ્ટ નિયમો હેઠળ, દેશની બહાર ડેટા મોકલવા પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કરી શકે છે. આ નિયમો ભારતીય અને વિદેશી કંપનીઓને લાગુ પડશે. આ ડ્રાફ્ટ નિયમો ૩ જાન્યુઆરીએ જરૂરી સૂચનો અને ચર્ચા માટે બહાર પાડવામાં આવ્યા છે અને સરકારે ૧૮ ફેબ્રુઆરી સુધી તેના પર લોકોના અને અન્ય પક્ષકારોના પ્રતિસાદ માંગ્યા છે.

ડ્રાફ્ટ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટના નિયમ ૧૪ હેઠળ, ભારતની બહાર કોઈપણ જગ્યાએ ડેટા ટ્રાન્સફર કેન્દ્ર સરકારના સામાન્ય અથવા ચોક્કસ આદેશને આધીન રહેશે. મતલબ કે આ નિયમ હેઠળ સરકારને દેશની બહાર અંગત માહિતી મોકલવા પર નિયંત્રણ અથવા પ્રતિબંધ કરવાનો અધિકાર હશે. જોકે, નિયમ ૧૪એ સ્પષ્ટ કરતું નથી કે સરકાર કયા આધારે અથવા કઈ ચિંતાઓને આધારે આ પ્રકારના આદેશો જારી કરી શકે છે. જોકે ડીપીડીપી એક્ટની કલમ ૧૭(૨) સરકારને સાર્વભૌમત્વ, રાજ્યની સુરક્ષા વગેરેને લગતી ચિંતાઓના આધારે ડેટા ટ્રાન્સફર પર નિયંત્રણો લાદવાની મંજૂરી આપે છે.

સરકાર ડીપીડીપી એક્ટની કલમ હેઠળ ડેટા ટ્રાન્સફર પર પ્રતિબંધ મૂકી શકે છે, પરંતુ નિયમ ૧૪ વધુ અધિકાર આપશે. નવા નિયમ દ્વારા સરકાર કોઈપણ દેશને અગાઉથી બ્લેકલિસ્ટ કર્યા વિના, સૂચનાઓ અથવા આદેશો દ્વારા દેશોમાં ડેટા ટ્રાન્સફર પર શરતો લાદી શકે છે અથવા નિયંત્રણો લાદી શકે છે.

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટના નિયમોમાં પ્રથમ વખત વિવિધ પ્રકારના ડેટા ફિડયુસિયરીઝનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ડ્રાફ્ટ રૂલ્સમાં પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે કે ઈ-કોમર્સ, ઓનલાઈન ગેમિંગ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવા વિશ્વાસુઓ એકમોએ પણ જરૂર ન હોય ત્યારે ૩ વર્ષ પછી યુઝરનો પર્સનલ ડેટા ડિલીટ કરવો પડશે. આ જોગવાઈઓ ડ્રાફ્ટ નિયમોની કલમ ૮ સાથે સંબંધિત છે. ડેટા ફિડયુસિયરીએ વ્યક્તિ અથવા વ્યક્તિઓનો સમૂહ છે, જે પર્સનલ ડેટાની પ્રક્રિયાના હેતુઓ અને પદ્ધતિઓ નક્કી કરે છે.

સરકારે ૩ જાન્યુઆરીએ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટના ડ્રાફ્ટ નિયમો બહાર પાડયા છે. સંસદે લગભગ ૧૪ મહિના પહેલા ડિજિટલ ડેટા પ્રોટેક્શન બિલ ૨૦૨૩ને મંજૂરી આપી હતી. આ અંગેના ડ્રાફ્ટ નિયમો ગઈકાલે જારી કરવામાં આવ્યા હતા. ડ્રાફ્ટ નિયમો જાહેર પરામર્શ માટે પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ નિયમોને ૧૮ ફેબ્રુઆરી પછી અંતિમ સ્વરૂપ આપવા માટે વિચારણા હેઠળ લેવામાં આવશે.

ડ્રાફ્ટ નિયમોનું ત્રીજું શેડયૂલ વિવિધ પ્રકારના ડેટા ફિડયુસિયરીઓ માટે ડેટા ડિલીટ કરવાની સમયરેખાને વ્યાખ્યાયિત કરે છે, જેમ કે - સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ઑનલાઇન ગેમિંગ પ્લેટફોર્મ અને ઈ-કોમર્સ એન્ટિટી. આવા પ્લેટફોર્મ્સે ડેટાને ડિલીટ કરવાના ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલાં યુઝર્સને સૂચિત કરવું આવશ્યક છે, જેથી તેઓ લોગ ઈન કરી શકે અથવા ડેટા જાળવી રાખવા માટે તેમનો સંપર્ક કરી શકે. આ એકમોની સર્વિસને ઍક્સેસ કરવા માટે યુઝર્સ એકાઉન્ટમાં પ્રોફાઈલ, ઈમેઈલ એડ્રેસ અથવા ફોન નંબરનો સમાવેશ કરવામાં આવે છે.

ડ્રાફ્ટમાં ૨ કરોડથી વધુ રજિસ્ટર્ડ યુઝર્સ સાથેના ઈ-કોમર્સ પ્લેટફોર્મને એક એન્ટિટી તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ઓનલાઈન ગેમિંગ ઈન્ટરમીડિયરી પાસે દેશમાં ૫૦ લાખ કે તેથી વધુ યુઝર્સ હોવા જોઈએ અને સોશિયલ મીડિયા ઈન્ટરમીડિયરીના ભારતમાં ૨ કરોડ કે તેથી વધુ વપરાશકર્તાઓ હોવા જોઈએ.

# મહિલા પોલીસ જ અસુરક્ષિત, લુખ્ખાઓએ SHE ટીમને આંતરી, ૪ની ધરપકડ

**અમદાવાદ શહેર પોલીસ મહિલાઓની સુરક્ષા માટે નિર્ભયા પ્રોજેક્ટ જેવા અનેક દાવા કરે છે, પરંતુ હકીકતમાં મહિલા પોલીસ પોતે જ સુરક્ષિત નથી. આનંદનગર વિસ્તારમાં સી ટીમની મહિલા જવાનોને લુખ્ખાઓએ જાહેરમાં ધમકાવી હતી.**



અમદાવાદ

અમદાવાદ શહેર પોલીસ મહિલાઓની સુરક્ષા માટે અનેક પ્રકારના પ્રોજેક્ટ અને યોજનાઓ અમલમાં મૂકતી હોય છે. પરંતુ તાજેતરમાં બનેલી ઘટનાએ શહેરની મહિલાઓની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. આ ઘટનામાં, મહિલા પોલીસ જવાનોને જ લુખ્ખાઓએ ધમકાવી હતી. આ ઘટનાએ એ વાત સ્પષ્ટ કરી દીધી છે કે શહેરમાં મહિલાઓની સુરક્ષા માટે જેટલા દાવા કરવામાં આવે છે, હકીકતમાં સ્થિતિ એટલી સુરક્ષિત નથી. સી ટીમની મહિલા જવાનો સીસીટીવી કેમેરા ચેક કરવા જતા હતા ત્યારે એક ઈકો કારમાં આવેલા લુખ્ખાઓએ તેમની વાનને રોકી અને ધમકી આપી હતી. મહિલાઓએ પોલીસને જાણ કરતાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આ ઘટનાએ મહિલાઓની સુરક્ષા માટે કામ કરતી સી ટીમ પોતે જ અસુરક્ષિત હોવાનું દર્શાવ્યું છે. આ વિસ્તારમાં લુખ્ખાઓનો આતંક વધી રહ્યો છે અને મહિલાઓ ફરિયાદ કરવામાં ડરે છે.આનંદનગર પોલીસ સ્ટેશનના પીઆઈ આરોપીઓના ફોટો જાહેર ન કરવા માટે આનાકાની કરતા હતા. આ સૂચવે છે કે પોલીસ પણ આવા માથાભારે તત્વોથી ડરે છે.

મહિલાઓની સુરક્ષા માટે કામ કરતી મહિલા પોલીસ જો પોતાને અસુરક્ષિત અનુભવતી હોય તો સામાન્ય નાગરિક મહિલાઓની સુરક્ષા વિશે શું કહી શકાય? શહેરના કેટલાક વિસ્તારોમાં લુખ્ખાઓનો આતંક વધી રહ્યો છે અને તેઓ કાયદો હાથમાં લેવાનું બહાદુરીથી કરી રહ્યા છે. આવી ઘટનાઓ બાદ પણ પોલીસ તંત્ર પૂરતી કડક કાર્યવાહી કરતું નથી, જેના કારણે લુખ્ખાઓમાં હિંમત વધી રહી છે. આવી ઘટનાઓના કારણે મહિલાઓ રાત્રે એકલી બહાર નીકળવાથી ડરે છે અને તેમના પર હુમલાની ઘટનાઓ વધી રહી છે. પોલીસે આવા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ જેથી અન્ય લોકોને પાઠ મળે.

## તંત્રીલેખ...

# HMPV વાઈરસ ભારત સહિત વિશ્વભરમાં પહેલાથી જ ફેલાયેલા છે

દુનિયાભરમાં હાહાકાર મચાવનાર કોરોના મહામારી બાદ હવે હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (HMPV) નામના વાઈરસે ચીનમાં એન્ટ્રી કરીને સૌને ડરાવી દીધા છે. હવે આ વાઈરસના ત્રણ કેસ ભારતમાં પણ નોંધાયા છે. ત્યારે હવે HMPVના વધી રહેલા જોખમ વચ્ચે ટોચની તબીબી સંસ્થા - ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR) એ આજે મોટો દાવો કરતા કહ્યું કે, HMPV વાઈરસ ભારત સહિત વિશ્વભરમાં પહેલેથી જ ફેલાયેલો છે.' જો કે, તેણે એ પણ જણાવ્યું કે, ભારત શ્વસન સંબંધી બિમારીઓમાં કોઈપણ સંભવિત વધારાને નિયંત્રિત કરવા માટે તૈયાર છે. ICMRનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે આ વાઈરસના ત્રણ કેસ ભારતમાં પણ નોંધાયા છે. કર્ણાટકના બેંગ્લુરુની એક હોસ્પિટલમાં આઠ અને ત્રણ મહિનાના બાળકોમાં આ વાઈરસના લક્ષણ જોવા મળ્યા છે. બીજી તરફ અમદાવાદમાં પણ આજે ચાંદખેડાની એક ખાનગી હોસ્પિટલમાં 2 મહિનાના બાળકનો શંકાસ્પદ કેસ નોંધાયો છે. બીજી તરફ આરોગ્ય વિભાગે અન્ય ક્ષેત્રો અથવા દેશોમાંથી સંક્રમણની શક્યતાઓને નકારી દેતા કહ્યું કે, સંક્રમિત બાળકો અને તેમના પરિવારોની તાજેતરની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સોમવારે અહીં જણાવ્યું હતું કે, ICMR દ્વારા નિયમિત પરીક્ષણમાં કર્ણાટકમાં HMPV વાયરસના બે કેસ મળી આવ્યા છે. દેશભરમાં શ્વસન સબંધિત બીમારી પર દેખરેખ રાખવા માટે ICMR દ્વારા ચાલી રહેલા પ્રયાસોના ભાગ રૂપે જ આ બંને કેસોની ઓળખ કરવામાં આવી છે.મંત્રાલયે કહ્યું કે આ વાઈરસ ભારત સહિત સમગ્ર વિશ્વમાં પહેલાથી જ ફેલાયેલો છે અને ઘણા દેશોમાં તેના શ્વસન સબંધિત બીમારીના કેસ સામ આવ્યા છે. આ ઉપરાંત ICMR અને ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (IDSP) નેટવર્કના હાલના ડેટાના આધારે દેશમાં ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી (ILI) અથવા ગંભીર તીવ્ર શ્વસન સબંધિત બીમારી (SARI)ના કેસોમાં કોઈ અસામાન્ય વધારો નથી થયો. આ વાઈરસને હ્યુમન હ્યુમન મેટાન્યૂમો વાઈરસ એટલે કે HMPV કહેવામાં આવે છે, જેના લક્ષણો સામાન્ય શરદી-ખાંસી જેવા જ હોય છે. સામાન્ય કિસ્સાઓમાં તે ઉધરસ અથવા ગળામાં ખરાશ, વહેતી નાક અથવા ગળામાં દુ:ખાવાનું કારણ બને છે. નાના બાળકો અને વૃદ્ધોમાં HMPV ચેપ ગંભીર હોઈ શકે છે. આ વાઈરસ નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોમાં ગંભીર બીમારીનું કારણ બની શકે છે.

# અમેરિકા ૨૬ વર્ષ બાદ ભારત પર લગાવેલો પ્રતિબંધ હટાવશે

નવીદિલ્હી,

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવા અમેરિકાએ બંને દેશો વચ્ચે પરમાણુ ડીલ મુદ્દે લાગુ પ્રતિબંધો દૂર કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકા ભારતીય પરમાણુ કંપનીઓ અને અમેરિકન કંપનીઓ વચ્ચે જોડાણ સ્થાપિત કરવાના ઉદ્દેશ સાથે પ્રતિબંધો દૂર કરશે. બીજી તરફ ગત મહિને અમેરિકાએ પાકિસ્તાનની અનેક પરમાણુ કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા હતાં. જે પાકિસ્તાન માટે આઘાતજનક નિર્ણય છે.

અમેરિકાના નેશનલ સિક્યોરિટી એડવાઈઝર જેક સુલિવાને આ અંગે માહિતી આપી હતી. જો બાઈડેન એડમિનિસ્ટ્રેશનના ટોચના અધિકારીઓએ આઈઆઈટી-દિલ્હી ખાતે ભારતના સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે બેઠક કરી આ મુદ્દે ચર્ચા કરી હતી. તેઓએ ભૂતકાળમાં ૨૬ વર્ષ પહેલાં મૂકાયેલા પ્રતિબંધો દૂર કરી અમેરિકા સાથે ભારતના પારદર્શક વેપાર સંબંધો સ્થાપિત કરવાનો નિર્ણય રજૂ કર્યો હતો.

મે, ૧૯૯૮માં ભારતે પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યુ હતું. જેનાથી નારાજ અમેરિકાએ ભારતની અનેક પરમાણુ કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા હતા. જેમાં ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરનું ડિપાર્ટમેન્ટ ઑફ એટોમિક એનર્જી, ઇન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ, ઈન્ડિયન રેર અર્થ્સ, પરમાણુ રિએક્ટર્સ સામેલ હતી. હવે આ પ્રતિબંધો દૂર થતાં ભારત અને અમેરિકાની કંપનીઓ સાથે મળી કામ કરશે. સુલિવાને જણાવ્યું હતું કે, 'સેમીકંડક્ટર ટેક્નિક પર ભારત પ્રથમ એવો દેશ છે, જેની સાથે અમેરિકા કામ કરશે.'સુલિવાને જણાવ્યું હતું કે, 'દેશના તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહ અને અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશ વચ્ચેની બેઠકમાં ભારત અને અમેરિકા સિવિલ પરમાણુ કૉર્પોરેશન માટે મહત્ત્વાકાંક્ષી યોજનાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. બાદમાં ૨૦૦૮માં ભારત-યુએસ સિવિલ પરમાણુ એગ્રીમેન્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ રેગ્યુલેટરી પડકારોને કારણે યુએસ ન્યુક્લિઅર રિએક્ટર્સના સપ્લાય માટેની યોજના સાકાર થઈ શકી નહીં. તેમના આ અવાસ્તવિક વિઝનને સાકાર કરતાં આજે અમે જાહેરાત કરીએ છીએ કે, અમેરિકા હવે લાંબા સમયથી ચાલતાં પ્રતિબંધો દૂર કરી બંને દેશોની કંપનીઓ વચ્ચે સિવિલ પરમાણુ જોડાણ કરશે.'

અમેરિકાએ ગતમહિને પાકિસ્તાનની પરમાણુ કંપનીઓ પર પ્રતિબંધો મૂક્યા હતા. જેની પાછળનું કારણ જણાવ્યું હતું કે, પાકિસ્તાન એવી મિસાઈલ તૈયાર કરી રહ્યું છે કે, જે સીધી અમેરિકા સુધી ટાર્ગેટ કરવા સક્ષમ છે. જો કે, પાકિસ્તાને અમેરિકાના આ દાવાને પાયાવિહોણા ગણાવી ખોટી રીતે કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું નિવેદન આપ્યું હતું.

# ચાઈનીઝ એપથી લોન લેવી ભારે પડી, વ્યાજખોરોએ કર્યું યુવતીનું આર્થિક અને શારીરિક શોષણ

વડોદરા,

વ્યાજખોરીનું દુષણ સમાજમાં એટલું પ્રચલિત થઈ ગયું છે કે આ દુષ્ટ વર્તુળમાં ફસાયેલ વ્યક્તિ કંઈપણ કરીને તેમાંથી બહાર આવી શકતી નથી. દરરોજ રાજ્યના કોઈને કોઈ ખૂણેથી વ્યાજખોરોના સમાચારો પ્રકાશમાં આવતા રહે છે. ત્યારે આવો જ એક કિસ્સો વડોદરામાંથી પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક યુવતી લોન અને વ્યાજના ચક્કરમાં ફસાઈ ગઈ. તો આવો જાણીએ શું છે

મળતી માહિતી અનુસાર, વડોદરાના અલકાપુરીમાં એક યુવતીને ચાઈનીઝ એપમાંથી લોન લેવી ભારે સાબિત થઈ છે. જો તે લોન નહીં ચૂકવે તો યુવતીને તેનો અશ્લીલ ફોટો વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હતી. યુવતીને ધમકી આપવામાં આવી હતી કે જો તે લોન નહીં ચૂકવે તો ગંદા મેસેજ અને ન્યૂડ ફોટા વાયરલ કરવામાં આવશે. આ લોન ચુકવવા માટે યુવતીએ અલગ-અલગ સમયે સાત લોકો પાસેથી અલગ-અલગ રકમ લીધી હતી, પરંતુ બાદમાં વ્યાજખોરોએ યુવતી પર પૈસા પડાવવાનું દબાણ કરીને તેનું શારીરિક શોષણ કર્યું હતું.

આખી વાત એવી છે કે જ્યારે યુવતીને પૈસાની જરૂર હતી ત્યારે તેણે ચાઈનીઝ એપ ડાઉનલોડ કરી અને તેના દ્વારા લોન લીધી. જો તે લૂન નહીં ચુકવે તો તેના બિભત્સ ફોટો વાયરલ કરી દેવાની ધમકી આપવામાં આવી હતી. જેથી યુવતીએ આ લોન ચૂકવવા માટે ૭ લોકો પાસેથી ૬૩.૩૭ લાખ વ્યાજે લીધા હતા. યુવતીએ ૬૩.૩૭ લાખના બદલામાં વ્યાજખોરોને ૧.૪૧ કરોડ ચૂકવ્યા, તેમ છતાં વ્યાજખોરો પૈસા વસૂલતા રહ્યા. આ સાથે પૈસાની ઉઘરાણી પણ કરતા હતા અને યુવતીનું આર્થિક અને શારીરિક શોષણ પણ કરતા હતા.બમણી રકમ ચૂકવ્યા બાદ પણ વ્યાજખોરો તેને હેરાન કરવાનું ચાલુ રાખ્યું હતું. યુવતીએ વ્યાજ પર ૬૩.૩૭ લાખ રૂપિયા લીધા હતા, જેના બદલામાં તેણે આ સાત લોકોને વ્યાજ સહિત ૧.૪૧ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. તેમ છતાં આ સાતેય લોકો તેની પાસે પૈસાની માંગણી કરતા હતા અને વારંવાર ધમકી આપતા હતા. તેનાથી કંટાળીને યુવતીએ પોલીસની મદદ માંગી હતી. પરંતુ પોલીસ મદદ કરવા તૈયાર ન થતાં મામલો માનવ અધિકાર પંચ સુધી પહોંચ્યો હતો. માનવ અધિકાર પંચમાં ફરિયાદ નોંધાતા આખરે સયાજીગંજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

યુવતીએ જયદીપ ધીરુભાઈ પરડવા પાસેથી ૨૧.૪૯ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા, અને વ્યાજ સહિત ૬૧.૨૨ લાખ ચૂકવ્યા. જ્યારે ઝીલ વિક્રાંત દીક્ષિતે શીતલ ભટ્ટ પાસેથી ૨૯ હજાર અપાવ્યા હતા, જેને ૫૯ હજાર ચૂકવી દીધા પછી પણ ઝીલે અને શીતલ ભટ્ટે ઉઘરાણી ચાલુ રાખી. પારુલ રાકેશ શાહ પાસેથી ૧૪.૮૯ લાખ લીધા હતા, ૨૭.૭૧ ચૂકવ્યા તેમ છતાં ઉઘરાણી ચાલુ રાખી. હસ્મિતા પટેલ પાસેથી ૪.૬૪ લાખ લીધા અને ૨૩.૫૨ ચૂકવ્યા તેમ છતાં ઉઘરાણી ચાલુ રાખી. શિવમ શર્મા પાસેથી ૫.૭૪ લાખ રૂપિયા વ્યાજે લીધા, ૬.૬૬ લાખ ચૂકવ્યા તેમ છતાં ઉઘરાણી ચાલુ રાખી. મયંક પટેલ પાસેથી ૧૬.૩૦ લાખ રૂપિયા લીધા અને ૨૧.૬૫ લાખ ચૂકવ્યા તેમ છતાં ઉઘરાણી ચાલુ રાખી. યુવતીએ વ્યાજ સહિત રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં તેની પાસેથી રૂપિયાની ઉઘરાણી કરવામાં આવતી હતી, જેથી યુવતીએ સયાજીગંજ પોલીસને ફરિયાદ નોંધાવી છે.

### પેઢીની બીજી બ્રાન્ચને લીઝ પર આપવાનો નિર્ણય લેવાયો હતો

# અમરેલીના વડિયામાં PGVCLની ડુપ્લિકેટ રસીદોનું કૌભાંડ સામે આવ્યું

અમરેલી,

અમરેલી જિલ્લો હાલમાં સમગ્ર રાજ્યમાં ચર્ચામાં છે, ત્યારે જિલ્લાના વડિયામાં લોકોને PGVCIL દ્વારા ઓનલાઈન સેન્ટર પર PGVCIL નાણાની ડુપ્લીકેટ રસીદો આપીને લાખો રૂપિયાની ચૂકવણી કરવામાં આવી રહી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. PGVCIL દ્વારા ઓનલાઈન સેન્ટર ચલાવતી દેસાઈ કન્સલ્ટન્સી નામની પેઢીના માલિક મયુર દેસાઈના જણાવ્યા મુજબ, આવી ફરિયાદો મળ્યા બાદ યુવા ભાજપના નેતાઓ પ્રતીક હરખાણી અને જીગર સેજપાલના કહેવાથી તેમની પેઢીની બીજી બ્રાન્ચને લીઝ પર આપવાનો નિર્ણય લેવાયો હતો. તેમના નાના ભાઈ જયેશ હરખાણી પાસે. લેખિત કરાર પર હસ્તાક્ષર થયાના થોડા સમય પહેલા, તેમણે ૬ નવેમ્બરથી આ કેન્દ્રમાં કામ કરવાનું શરૂ કર્યું અને લગભગ ૨૫૦ ગ્રાહકોના લાઈટ બિલની ચુકવણીની ડુપ્લિકેટ રસીદો આપી. PGVCIL દ્વારા ગ્રાહકો પાસેથી બાકી લાઈટ બિલ માટે નાણાં વસૂલવામાં આવતા સમગ્ર મામલા અંગે દેસાઈ કન્સલ્ટન્સીને જાણ થઈ હતી અને તેઓએ આ મુદ્દે લોકોનો સંપર્ક કર્યો ત્યારે અનેક લોકો આનો ભોગ બન્યા હોવાનું બહાર આવ્યું હતું. બીલ ઉપરાંત, ઘણા લોકો ઓનલાઈન મની ટ્રાન્સફરનો પણ ભોગ બન્યા હતા અને હાલમાં આવા રૂ. ૪.૫ લાખથી રૂ. ૫ લાખ સુધીના બીલ સપાટી પર આવતા જોવા મળી રહ્યા છે અને જેમ જેમ લોકો આગળ આવી રહ્યા છે તેમ તેમ આ આંકડો વધવાની શક્યતા છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ અંગે દેસાઈ કન્સલ્ટન્સીના માલિકે જયેશ પ્રકાશભાઈ હરખાણી વિરુદ્ધ વડિયા પોલીસમાં લેખિત ફરિયાદ કરી છે. આ સાથે જિલ્લા પોલીસ વડાને પણ લેખિતમાં જાણ કરવામાં આવી છે અને પીજીવીસીએલ વહીવટીતંત્રને પણ આ ડુપ્લીકેટ રસીદ બનાવનાર વ્યક્તિ સામે ગુનો નોંધવા જણાવાયું છે. આ મામલે વડિયા પોલીસે પણ તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે. હાલના યુવાનો ટૂંકા સમયમાં પૈસા કમાવવાની લાલસામાં મોટા મોટા ડુપ્લીકેટ કૌભાંડો કરી રહ્યા છે અને રોજ નવા નવા કૌભાંડો બહાર આવી રહ્યા છે.

### મહાકુંભમાં થશે ૧૨ જ્યોર્તિલિંગોના દર્શન

# કાશી-કેદારનાથથી સોમનાથ સુધી, બધા તીર્થ એક જગ્યાએ

## વિશ્વના સૌથી મોટા ધાર્મિક કાર્યક્રમોમાંથી એક પ્રયાગરાજ મહાકુંભ હવે થોડા જ દિવસોમાં શરૂ થવા જઈ રહ્યો છે




પ્રયાગરાજ,

તમે ક્યારેય સાંભળ્યું છે કે ભંગારમાંથી એક અદભૂત તીર્થ સ્થળ તૈયાર કરી શકાય? ઉત્તર પ્રદેશની સંગમ નગરી પ્રયાગરાજના મહાકુંભ નગર ક્ષેત્રમાં શિવાલય પાર્ક તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. આ પાર્ક માત્ર એક દર્શનીય સ્થળ નથી. આ પાર્ક અધ્યાત્મનો મોટો ભંડાર છે. અહીંયા તમે ભગવાન શિવ અને તેમના મંદિર વિશે જ્ઞાન પ્રાપ્ત કરી શકો છો. ચોંકી ગયા ને પરંતુ આ હકીકત છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભનો મેળો ૧૩મી જાન્યુઆરીથી શરૂ થવાનો છે. મહાકુંભની ભવ્યતા અને આધ્યાત્મિકતાને નવી ઉંચાઈ આપવા માટે પ્રયાગરાજના નૈની અરેલ ઘાટ પર શિવાલય પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે.

હવે તમારા મનમાં એવો સવાલ થતો હશે કે આ શિવાલય પાર્કમાં એવું તે શું છે જે ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે, તો તે પણ જાણી લો. આ પાર્ક ૪૦૦ ટન ભંગારમાંથી તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં કટાઈ ગયેલા વીજળીના થાંભલા, જૂની ટ્રક, કાર, પાઈપ, રિક્ષા, રેલવેના તૂટેલા પાટા અને અન્ય ભંગારનો ઉપયોગ કરાયો છે. તેની પાછળ ૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શિવાલય પાર્ક ૧૧ એકરમાં ફેલાયેલો છે. ૨૨ કલાકારો અને ૫૦૦ શ્રમિકોએ ૩ મહિનાની મહેનત બાદ તેને તૈયાર કર્યો છે. પાર્કને વેસ્ટ એન્ડ વંડર થીમ અંતર્ગત તૈયાર કરાયો છે. બાળકો માટે અલગ ઝોન, તુલસી વન અને સંજીવની વન તૈયાર કરાયું છે. આ સિવાય ફૂડ કોર્ટ, રેસ્ટોરાં અને ૫૦૦ મીટર લાંબુ જળાળય બનાવ્યું છે. મુલાકાતીઓ માટે ૭૦૦ સ્ક્વેર મીટર લાંબુ પાર્કિંગ પણ બનાવાયું છે.

શિવાલય પાર્કમાં તમને તમામ ૧૨ જ્યોતિર્લિંગ તેમના વાસ્તવિક રૂપમાં જોવા મળશે. એટલે મહાકુંભમાં જે પણ શ્રદ્ધાળુ આવશે તે એક જ જગ્યાએ તમામ જ્યોતિર્લિંગની યાત્રાનો અનુભવ કરી શકશે. ભારતના નકશાના આકારમાં બનાવેલા શિવાલય પાર્કમાં દૈનિક ૫૦,૦૦૦ મુલાકાતીઓ આવી શકે તેવી ક્ષમતા છે. તેના માધ્યમથી શ્રદ્ધાળુઓ ભારતના મુખ્ય તીર્થો વિશે જાણકારી મેળવી શકશે એટલે આ પાર્ક મહાકુંભમાં આવનારા કરોડો શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક જ્ઞાનની અનુભૂતિ કરાવશે.


## હાર્દિક અભિનંદન



આપશ્રીની આઝાદ કલમ ન્યુઝ સમાચારપત્ર અને આઝાદ કલમ માહિતી અને પ્રસારણ(ભારત) પ્રાઈવેટ લિ.માં આપશ્રીની ગુજરાતના ગાંધીનગર જિલ્લાના બ્યુરો ચીફ તરીકે નિમણુંક કરવામાં આવેલ છે તે બદલ અમો હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ

**પ્રહલાદજી ઠાકોર**
ગાંધીનગર જિલ્લા બ્યુરો ચીફ
આઝાદ કલમ માહિતી અને
પ્રસારણ(ભારત) પ્રાઈવેટ લિ.

શુભેચ્છક
સમગ્ર
આઝાદ કલમ પરિવાર

## હાર્દિક અભિનંદન



આપશ્રીની આઝાદ કલમ ન્યુઝ સમાચારપત્ર અને આઝાદ કલમ માહિતી અને પ્રસારણ(ભારત) પ્રાઈવેટ લિ.માં આપશ્રીની ગુજરાતના અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકા બ્યુરો ચીફ તરીકે નિમણુંક કરવામાં આવેલ છે તે બદલ અમો હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ

**ચૌહાણ મયુરસિંહ સાકરજી**
દસક્રોઈ તાલુકા બ્યુરો ચીફ
આઝાદ કલમ માહિતી અને
પ્રસારણ(ભારત) પ્રાઈવેટ લિ.

શુભેચ્છક
સમગ્ર
આઝાદ કલમ પરિવાર


# રાજકોટમાં SOG પોલીસના પનીરની ફેક્ટરી પર દરોડા

રાજકોટ,

રાજકોટમાં પનીરની ફેક્ટરી પર દરોડા, ૮૦૦ કિલો પનીરનો જથ્થો કરાયો સીલ રાજકોટમાં એક ફેક્ટરીમાં પનીરનો જથ્થો તૈયાર કરવામાં આવતો હોવાની માહિતી SOG પોલીસને મળી હતી. જેને આધારે પોલીસે દરોડો પાડીને પનીર બનાવતી ફેક્ટરી પકડી પાડી આવી હતી. જ્યારે ફેક્ટરીમાંથી લાખોની કિંમતના ૮૦૦ કિલો પનીરનો જથ્થો સીલ કરાયો છે.રાજકોટમાં SOG પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો છે. પોલીસ દ્વારા પનીર બનાવતી ફેક્ટરી પકડી પાડવામાં આવી છે.

જ્યારે ફેક્ટરીમાંથી લાખોની કિંમતના ૮૦૦ કિલો પનીરનો જથ્થો સીલ કરાયો છે. હાલ પનીર ડુપ્લિકેટ છે કે કેમ તેને લઈને તપાસ શરૂ કરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, પોલીસને નકલી પનીર અંગે બાતમી મળી હતી. જેને લઈને ગઈકાલે રાજકોટમાં શીતલ પાર્ક વિસ્તારમાં આવેલી પનીરની ફેક્ટરીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાંથી લગભગ ૮૦૦ કિલોગ્રામ જેટલો પનીરનો જથ્થો મળી આવ્યો છે. જેને પોલીસની ટીમ દ્વારા સીલ કરવામાં આવ્યો છે.

### ભારતપોલ પોર્ટલ આ કામને ખૂબ જ સરળ બનાવશે

# કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભારત મંડપમ ખાતે ભારતપોલ પોર્ટલનું ઉદ્‌ઘાટન કર્યું

## હવે ભારતમાં ગુનો આચરી નાસ્તા ફરતા અથવા વિદેશ ફરાર થઇ જતાં કે પછી વિદેશમાં બેસીને ભારતમાં ગુનો આચરતા આરોપીઓને સરળતાથી ઝડપી લેવામાં આવશે




નવી દિલ્હી,

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આજે ભારત મંડપમ ખાતે ભારતપોલ પોર્ટલનું ઉદ્‌ઘાટન કર્યું છે. જેનાથી હવે ભારતમાં ગુનો આચરી નાસ્તા ફરતા અથવા વિદેશ ફરાર થઈ જતાં કે પછી વિદેશમાં બેસીને ભારતમાં ગુનો આચરતા આરોપીઓને સરળતાથી ઝડપી લેવામાં આવશે.

મળતી માહિતી મુજબ, વિદેશમાં છુપાયેલા વોન્ટેડ ગુનેગારોને લઈને ભારત સરકાર સંપૂર્ણપણે કડક છે. દેશની પોલીસ ગુનેગારો સામે હંમેશા સક્રિય રહે છે. તે ગુનેગારોને પકડવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. કેન્દ્રીય એજન્સીઓ પણ ગુનેગારો પર કાર્યવાહી કરવાની તૈયારીમાં વ્યસ્ત છે. નોંધનીય બાબત એ છે કે દેશ છોડીને વિદેશ ભાગી ગયેલા ગુનેગારોને પરત લાવવા સરળ નથી. તેમને પાછા લાવવા માટે ઘણા બધા પાપડ પાથરવા પડે છે. આ એક મોટો પડકાર છે. હાલમાં એજન્સીઓએ આ માટે ઈન્ટરપોલની મદદ લેવી પડશે. પરંતુ હવે ભારતપોલ પોર્ટલ આ કામને ખૂબ જ સરળ બનાવશે.

ભારતપોલ એક સામાન્ય પોર્ટલ છે, જેને સીબીઆઈએ ઈન્ટરપોલની તર્જ પર તૈયાર કર્યું છે. આ પોર્ટલમાં **CBI, ED, NIA** અને તમામ રાજ્યોની પોલીસ જેવી તમામ તપાસ એજન્સીઓનો સમાવેશ થશે. ઈન્ટરપોલની તર્જ પર તમામ રાજ્યોની સીબીઆઈ, ઈડી, એનઆઈએ અને પોલીસ સહિત તમામ એજન્સીઓને એક કોમન પોર્ટલ દ્વારા જોડવામાં આવશે. આ પોર્ટલ દ્વારા કોઈપણ પ્રકારની આતંકવાદી ઘટના, ગંભીર ગુના, નાર્કો, સાયબર ક્રાઈમ માટે વોન્ટેડ ગુનેગારો સુધી પહોંચવાનું સરળ બનશે.

છેલ્લા ઘણા સમયથી એવું જોવામાં આવ્યું છે કે આતંકવાદી પ્રવૃત્તિ, સાયબર ક્રાઈમ, બેંક ફ્રોડ વગેરે જેવા કોઈપણ પ્રકારના ગુના કર્યા પછી વોન્ટેડ ગુનેગારો સરળતાથી દેશ છોડીને વિદેશ ભાગી જાય છે. તે વિદેશમાંથી ભારતમાં ગુનાહિત પ્રવૃત્તિઓ કરે છે. ગેંગ વોર તેનું નવીનતમ ઉદાહરણ છે. ગોલ્ડી બ્રાર, રોહિત ગોદારા જેવા મોટા ગેંગસ્ટરો ક્યારેક કેનેડામાં તો ક્યારેક અમેરિકામાં બેસીને ભારતમાં ગેંગ વોર ગોઠવે છે. ખાલિસ્તાની પણ આ મામલે પાછળ નથી. પરંતુ હવે પોલીસ અને એજન્સીઓ તેમના પર સીધી નજર રાખશે.

અત્યાર સુધી, જો કોઈ એજન્સીને વિદેશમાંથી કોઈ વોન્ટેડ ગુનેગારને ભારત પરત લાવવો હોય, તો તે એજન્સી પ્રત્યાર્પણ માટે મેઈલ અથવા પત્ર દ્વારા સીબીઆઈનો સંપર્ક કરે છે. આવી સ્થિતિમાં સમાચાર લીક થવાનું જોખમ રહે છે. ભારતપોલ દ્વારા રાજ્યોની તમામ એજન્સીઓ અને પોલીસ સીધી રીતે એકબીજા સાથે જોડાયેલા રહેશે. તેનાથી સંકલન સુધરશે.

આ પોર્ટલ શરૂ કરવાનો હેતુ ઈન્ટરપોલ સાથે ભારતીય સુરક્ષા એજન્સીઓના સંકલનને સરળ બનાવવાનો છે. હવે રાજ્યોની પોલીસને એ પણ ફાયદો મળશે કે આ પોર્ટલ દ્વારા તેઓ ઈન્ટરપોલને કોઈ પણ અપરાધીની માહિતી માટે સીધી વિનંતી કરી શકશે. હાલમાં રાજ્યોએ પહેલા સીબીઆઈને અપીલ કરવી પડે છે. સીબીઆઈ તેને ઈન્ટરપોલને મોકલે છે. પરંતુ હવે આ કામ સીધું કરવામાં આવશે.

Printed, Published and Owned by **KRIPASHANKAR HARIRAM VERMA** and Printed at Shree Ganesh Offset, A/6, Subh Labh Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380 004 and Published from 262, Shri Ganeshnagar, Visat Cross Road, Sabarmati, Ahmedabad-380 005. EDITOR : **KRIPASHANKAR HARIRAM VERMA**